# કાગડા અંકલ

– રમેશ ત્રિવેદી

એક હતી રોમા. રોમાના ઘર પાસે લીમડો. લીમડા પર રોજ બપોરે એક કાગડો આવે, કાગડો કા...કા...કા... કરે, રોમા દોડીને બારીએ આવે. કાગડા સામે હાથ ઊંચો કરે. કાગડાની આંખો હસે, એ કહે : 'રોમા, ભૂખ લાગી છે.' રોમા દોડીને રોટલી લઈ આવે, એ કહે : 'અંકલ, લ્યો ખાઓ' કાગડો કહે : 'થેન્ક યુ રોમા', ને પછી એ રોટલી ખાઈને ઊડી જાય. રોમાએ એક વાર કાગડાને મોબાઈલ ફોન આપ્યો ને કીધું : 'અંકલ હવે તમારે કા...કા...કા... કરવાનું નહીં.' કાગડો કહે : 'કેમ રોમા ?' રોમા કહે : 'મને તમારું કા...કા...કા... ગમતું નથી. તમારે હવેથી લીમડા પર આવીને બેસવાનું, ને મને ફોન કરવાનો. હું તરત રોટલી લઈને આવી જઈશ હોં.

'ભલે રોમા, હવેથી હું ફોન કરીશ, બસ....' રોમા કહે : 'ઓ.કે. અંકલ.' પછી તો કાગડો રોજ બપોરે આવે, લીમડે બેસે, ફોન કરે, ને રોમા દોડી આવે, રોટલી લાવે, કાગડા અંકલને ખાવાની મજા પડે.

એક વાર રોમા ત્રણ દિવસ માટે સ્કૂલમાંથી પ્રવાસે ગઈ. એ પાછી ફરી ત્યારે એની મમ્મીએ કીધું : 'અલી, રોમા તારા આ કાગડા અંકલે તો ભારે કરી હોં !' રોમાએ કીધું : 'કાગડા અંકલે વળી શી ધમાલ કરી ?' એની મમ્મીએ કીધું : 'બપોર પડે કે કા...કા...કા... કરીને માથું પકવી નાંખે.' રોમાએ કીધું : 'આજે અંકલને આવવા દે.'



બપોરનો એક વાગ્યો, કાગડા અંકલનું ‘કા...કા...કા’ શરૂ થઈ ગયું. રોમા બારી પાસે દોડી ગઈ, ને કીધું : ‘અંકલ, આ શું માંડયું છે ? કયાં ગયો તમારો મોબાઈલ ફોન ?’ કાગડા અંકલે કીધું, ‘રોમા, ફોન તો ચાલતો જ નથી, ને મને તો ભૂખ લાગી છે ભૂખ !’

‘ફોન ચાલતો નથી ?’ રોમાએ પૂછ્યું. કાગડા અંકલે રોમાને ફોન આપ્યો. ‘લ્યો, જોઈ લ્યો.’ ‘ક્યાંથી ચાલે આ ફોન ?’ રોમાએ મોબાઈલ લીધો, સ્વિચ ઓન કરી હસી પડી. ‘અરેરે ! કાગડા અંકલ, ફોનને ચાર્જ કરવો જોઈએ કે નહીં ?’ કાગડા અંકલને રોમાની વાત જરાય સમજાઈ નહીં. એમણે તો ‘કા...કા...કા...’ કરી કાગારોળ મચાવી દીધી. રોમા ને એની મમ્મી તો પછી શું હસ્યાં, શું હસ્યાં ! વાહ રે વાહ, કાગડા અંકલ વાહ !

■